## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




મેમ અમે બધા તો પરત આવી જઈશુ... પણ એ કહો કોરોના બાદ તમે બધા જ ટીચરો સંખ્યામાં એટલા જ છે કે...?

# જિલ્લામાં કોરનાના વધુ ૧૧ કેસ નોંધાયા

### ગાંધીનગર, દહેગામ, કલોલમાં બે-બે કેસ નોંધાયા : સે. ૨, સે. ૧૨ માં બે-બે કેસ અને સે. ૨૭માં એક કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૧૧ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૬ અને શહેરમાં પાંચ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગરમાં બે, કલોલમાં બે, દહેગામમાં બે કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના રાંદેસણ ગામેથી બે કેસ મળી આવેલ છે. દહેગામમાં એક કેસ અર્બન વિસ્તારમાંથી તો એક કેસ દેવકરણના મુવાડા ગામેથી મળેલ છે. દેવકરણના મુવાડા ખાતે મળેલ કેસના દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલ તાલુકામાં આજોલ ગામેથી એક તેમજ કલોલ અર્બનમાંથી એક કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં ૩૯૩૯ દર્દીઓ કોરોના મુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૫૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૫૫૯ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે પણ વધુ પાંચ કેસ કોરોનાના મળી આવ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા પાંચ કેસમાં ૩ દર્દી ૬૦ થી વધુ વય ધરાવતા નોંધાયા છે. એક દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા પાંચ કેસમાં ૩ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. મહિલા દર્દીઓ મળી રહી છે તેને લઈ તંત્રની ચિંતા થોડીક વધી જરૂર છે.

આજે સે. ૨ માંથી ૨ અને સે. ૧૨ માંથી બે તેમજ સે. ૨૭ માંથી એક કેસ મળેલ છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ ૯૮ ટકા નોંધાયો છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર સમાચારના સિનીયર પત્રકાર ધનંજય જોશી કોરોનાથી સંક્રમિત થયા છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.
- પાટનગર યોજના ભવનની કચેરીના પર્વેશદ્વારનું રિનોવેશન કરવામાં આવી રહ્યું છે.
- ગાંધીનગર શહેરમાં આજે રજાના માહોલ વચ્ચે પણ ઘણી કચેરીઓ કાર્યરત રહી હતી.
- જી.એમ.ઈ.આર.એસ. દ્વારા કોવિડ પર યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં વિજેતા બનેલ ચિત્રકારોના ચિત્રો વેક્સીનેશન રૂમ ખાતે ખાસ પ્રદર્શિત થાય તે રીતે રાખવા માટેની વિચારણા હાથ ધરાઈ છે.
- ધો. ૯ અને ૧૧ના વર્ગો શરૂ કરવા અંગે ૨૭મીની રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ચર્ચા કરી નિર્ણય લેવામાં આવશે.
- શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ અભિયાન અંતર્ગત આજે ભારત માતા મંદિર ખાતે માતૃ શક્તિ સંમેલન યોજાયુ હતુ.
- પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ ભરતસિંહ સોલંકી આજે દહેગામ તાલુકાની મુલાકાતે હતા.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની સોજા બેઠકના પૂર્વ સદસ્ય જયેશભાઈ ચૌધરી દ્વારા આજે કાર્યકર્તા અભિવાદન સમારોહનું અનોખુ આયોજન કરાયુ હતુ.

# આ સપ્તાહમાં તીવ્ર ઠંડી પડશે : હવામાન પૂર્વાનુમાન

### પવનની સરેરાશ ગતિ ૭ થી ૧૩ કિ.મી. પ્રતિ કલાક રહેશે : ૨૩ થી ૨૭ જાન્યુઆરીના પાંચ દિવસમાં ૪ દિવસ સીંગલ ડિઝીટમાં લઘુત્તમ તાપમાન રહેશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં ૨૭મી જાન્યુઆરી સુધી તીવ્ર ઠંડી પડશે. ઠંડીનો આ બીજો રાઉન્ડ સીઝનનો છે. ૨૩ થી ૨૭મી જાન્યુઆરીના પાંચ દિવસમાંથી ૪ દિવસ લઘુત્તમ તાપમાન સીંગલ ડિઝીટ નોંધાશે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૮૪ માં આ અંગે પૂર્વાનુમાન વ્યક્ત કરવામાં આવ્યુ છે.

આ પૂર્વાનુમાન મુજબ આ પાંચ દિવસ અર્થાત્ ૨૭ જાન્યુ. સુધી આકાશ ચોખ્ખુ રહેશે. મહત્તમ તાપમાન ૩૦-૩૨ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૯-૧૦ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે હવામાં ભેજનું પ્રમાણ ૧૦ થી ૫૦ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૭ થી ૧૩ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

ખેડૂતોને સલાહ આપતાં આ બુલેટીનમાં જણાવાયુ છે કે લઘુત્તમ તાપમાન ઘટવાની સંભાવના હોવાથી ઠંડીની અસરને ઘટાડવા માટે ઠંડા અને શુષ્ક હવામાનની સ્થિતિમાં સાંજના કલાકો દરમ્યાન પાકને પિયત આપો એટલુ જ હાથ નિંદામણ અને આંતર ખેડની કામગીરી પણ કરવી.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે રાઈના પાકમાં સફેદ ગેરૂ, ચણાના પાકમાં લીલી ઈયળ, ઘઉંના પાકમાં ઉધઈ, જીરૂના પાકમાં ચરમી, બટાટાના પાકમાં કાળિયો રોગનો ઉપદ્રવ થઈ શકે છે અને જો આ રોગ દેખાય તો ગ્રામસેવકના પરામર્શમાં રહી તમામ જરૂરી અટકાયતી પગલાં લેવા સલાહ અપાઈ છે.

ગાંધીનગર જિલ્લામાં આ વખતે રવિ સીઝનનું વિક્રમી વાવેતર નોંધાયુ છે. ૮૩ હજાર હેક્ટર વિસ્તારમાં રવિ પાકનું વાવેતર થયુ છે. જે છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ કરતાં ૧૨ હજાર હેક્ટર વધુ થયુ છે.

જિલ્લામાં ઘઉં ૨૮,૮૪૩ હેક્ટર, ચણા ૯૫૩ હેક્ટર, રાઈ ૮૦૨ હેક્ટર, તમાકુ ૪૯૦૮ હેક્ટર, વરિયાળી ૧૦૪૭ હેક્ટર, બટાટા ૧૨,૧૩૪ હેક્ટર, શાકભાજી ૯૦૫૯ હેક્ટર અને ઘાસચારાનું વાવેતર ૨૫,૮૩૦ હેક્ટરમાં થયુ છે. જે નોંધનીય છે.



ગાંધીનગરમાં બોગનવેલનું સૌંદર્ય ખૂબ ખીલ્યું છે. લાલ, પીળા, નારંગી, સફેદ, ગુલાબી રંગની બોગનવેલ શહેરની શોભા વધારી રહી છે. કોઈ ખાસ માવજત વિના ઉગી જતી આ બોગનવેલ દેખાવમાં ખૂબ જ સુંદર લાગે છે. શહેરની મુખ્ય ઈમારતો, સર્કલો અને બગીચાઓમાં ઠેર ઠેર ઉગી નીકળેલી આ બોગનવેલથી શહેરનું સૌંદર્ય બેવડાયું છે.

## દંતાલી ગામે બાજી માંડીને બેઠેલા પાંચને પોલીસે પકડ્યા

ગાંધીનગર, તા.૨૩

દંતાલી ગામમાં સધી માતાના મંદિર નજીક ખુલ્લા જગ્યામાં જુગાર રમતા પાંચ શખ્સો પકડાયા છે. બાતમીને પગલે પોલીસે રેઈડ પાડીને જુગાર રમી રહેલા શેરથા ગામના રાકેશજી ઠાકોર, રમેશજી ચંદુજી ઠાકોર, દંતાલીના મહેશ ભીખાજી ઠાકોર, રસિક ભીખાભાઈ પટેલ તેમજ કલોલના જેઠલજ ખાતે રહેતો તલાજી પ્રહલાદજી ઠાકોર પકડાઈ ગયા હતા. જયારે શેરથા નો શૈલેષ ભાઈલાલભાઈ પટેલ અને વિજય દશરથભાઈ ઠાકોર તેમજ દંતાલીનો પાર્થ નિકુલભાઈ સોની ફરાર થઈ ગયા હતા. પોલીસને રેઈડને પગલે જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. પોલીસે જુગારીઓ પાસેથી અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૪૦૧૦ કબ્જે કરીને જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



હજુ ઉનાળો શરૂ થયો નથી પરંતુ તન-મનને શાતા આપતા નારંગી મોસંબી અને નારિયેળ જેવા ફળો બજારમાં ખૂબ વેચાઈ રહ્યા છે. છેલ્લા ઘણા મહિનાઓથી ઉકાળા પીને કંટાળેલા વસાહતીઓ આવા નેચરલ ફ્રુટ જયુસનો સ્વાદ માણી રહ્યા છે.

# ભાજપ અમને કોંગ્રેસ જેવા નબળાં ન સમજે : ગોપાલ ઈટાલિયા

### આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખે પોલીસ પર તેમના ઉમેદવારોને ડરાવવાનો આક્ષેપ મુક્યો : જો ભાજપે આમ પાર્ટીના ઉમેદવારોને ડરાવવાનું બંધ નહીં કરે તો ગૃહ રાજ્યમંત્રીના ઘરને ઘેરવાની ચિમકી ઉચ્ચારી : આમના ઉમેદવારોનું ત્રીજુ લિસ્ટ જાહેર કરાયુ

ગાંધીનગર, તા. ૨૩

''ભાજપ અમને કોંગ્રેસ જેવા નબળાં સમજવાની ભૂલ ના કરે'' આવો હુંકાર આજે ગાંધીનગરમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયાએ કર્યો હતો. આજે ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા પાસે આમ આદમી પાર્ટીના કાર્યાલય ખાતે ગોપાલ ઈટાલિયાએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યુ હતુ કે ''ગાંધીનગર સહિત ગુજરાતના તમામ મહાનગરોમાં આમ પાર્ટી ચૂંટણી લડશે અને અમારો મેનિફેસ્ટો દિલ્હીની જેમ જ રાજયના તમામ શહેરોમાં સસ્તુ શિક્ષણ, સારૂ સ્વાસ્થ્ય, સસ્તી વિજળી અને ઉત્તમ રોડ રસ્તા સહિતની સુવિધાઓ આપવો એ જ રહેશે. આ સાથે પત્રકાર પરિષદમાં આમ પાર્ટીના ગુજરાત સહ પ્રભારી તથા દિલ્હીથી આવેલા ગુલાબસિંહ યાદવ ઉપસ્થિત રહ્યાં હતા જેમણે આગામી મનપા, નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતના ૫૨૭ ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી હતી.

ગોપાલ ઈટાલિયાએ જણાવ્યુ હતુ કે ચૂંટણીની જાહેરાત પહેલા આમ આદમી પાર્ટી તેના ઉમેદવારોના નામ જાહેર કરે છે, આ પ્રથા પહેલીવાર જોવા મળી રહી છે જે આમ આદમી પાર્ટીની નિર્ણાયકતા દર્શાવે છે. આમ પાર્ટીના જાહેર કરાયેલા ઉમેદવારો અંગે પ્રજાને કોઈપણ અભિપ્રાય પાર્ટીની શિર્ષ નેતાગીરી સમક્ષ મુકવો હોય તો તે માટે પણ નાગરિકોને આવકાર છે. આ સાથે ગુજરાતમાં આમ પાર્ટીના ઉમેદવારોને પોલીસ દ્વારા વિવિધ પ્રકારની પુછપરછ કરીને સાયકોલોજીકલ કનડગત કરતી હોવાનો આક્ષેપ કરતાં ચિમકી ઉચ્ચારી હતી કે ''જો ભાજપ આમ પાર્ટીના ઉમેદવારોને ડરાવવા-ધમકાવવાનું બંધ નહી કરે તો અમે રાજય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાના ઘરની ઘેરાબંધી કરીશુ'' તેમણે આ સાથે ગુજરાતની જનતાને ઈમાનદાર ઉમેદવારોને પસંદ કરવાનો હવે વિકલ્પ મળ્યો હોવાનું કહેતા આમ પાર્ટી આગામી ચૂંટણીઓમાં સારા પરિણામો સાથે શુભારંભ કરશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે પ્રદેશ ઉપાધ્યક્ષ ભેમાભાઈ તેમજ સહ પ્રભારી શિવકુમાર ઉપાધ્યયાય સહિત હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા.




### ગાંધીનગર મહાનગરના ૨ અને ગ્રામ્યના ૯ ઉમેદવારો જાહેર

આમ પાર્ટી દ્વારા આજે ગાંધીનગર મનપાની ચૂંટણીઓમાં રાંદેસણથી નિકુંજ નારાયણભાઈ મેવાડા અને સેક્ટર-૨ માંથી રમિલાબેન ડાહ્યાભાઈ રાઠોડના નામોની જાહેરાત કરી હતી. આ સાથે ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારના વેડા, માંડલી, માણેકપુર, રિદ્રોલ, લિંબોદરા અને આમજાના મળીને ૯ ઉમેદવારોના નામ પણ જાહેર કર્યા હતા.

## મેદરા ગામે જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક આવેલા મેદરા ગામે જુગાર રમતા ચાર જુગારીઓ પોલીસના હાથે ઝડપાયા છે. ડભોડા પોલીસે બાતમીને પગલે રેઈડ પાડી મેદરા ગામની સીમમાં ખેતરની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાં કુંડાળુ વળીને જુગાર રમતા શખ્સોને પોલીસે દબોચી લીધા છે. જેમાં ગામમાં મંદિરવાળા વાસમાં રહેતા કાનાજી ઉર્ફે અલી છનાજી ગોહિલ (ઉં.૨૫), લાલજી ધુળાજી ઠાકોર (ઉં.૩૩), પોપટજી રૂમાલજી ઠાકોર (ઉં.૫૯) તેમજ દરબાર વાસ ખાતે રહેતા જયસિંહ ભાનુસિંહ પરમાર (ઉં.૨૫) નો સમાવેશ થાય છે. જુગારીઓ પાસેથી પોલીસે રોકડ રૂ.૧૯૫૦ જપ્ત કરીને તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# જિલ્લાની ૧૧૭ બેઠકો પર રાજકીય ચૂંટણી જંગ ૨૮મીએ ખેલાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાની ૧૧૬ થી વધુ સ્થાનિક સ્વરાજ્યની બેઠકો પર ૨૮મી ફેબ્રુઆરીના રોજ ચૂંટણી જંગ ખેલાશે. આ ચૂંટણી માટે ૮ લાખથી વધુ મતદારો તેમના જન પ્રતિનિધિની પસંદગી કરશે.

આજે રાજ્ય ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત, ત્રણ તાલુકા પંચાયતો કલોલ, માણસા અને દહેગામ તેમજ બે નગરપાલિકા દહેગામ અને કલોલ ઉપરાંત માણસા નગરપાલિકાની પેટા-ચૂંટણીના આ જંગને લઈ હવે ટિકિટ વાંચ્છુઓની દોડધામ વધી જવા પામી છે.

ગાંધીનગર જિલ્લાના ૧૯ ગામ અને ૧ નગરપાલિકાને અમદાવાદ-ગાંધીનગર મનપામાં ભેળવવાના નિર્ણયને પગલે તેમજ માણસામાં ૧૭ ગામોને કલોલ તાલુકામાં સમાવવામાં આવતાં નવા સીમાંકનના આદેશો થયા છે.

નવા સીમાંકનમાં ગાંધીનગર જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો, માણસા અને કલોલ તા.પં.ની ૨૬-૨૬ બેઠકો તેમજ દહેગામ તા. પં. ૨૮ બેઠકો ઉપરાંત કલોલ નગરપાલિકાની ૪૪ બેઠકો અને દહેગામ નગરપાલિકાની ૧૮ બેઠકો માટે આ જંગ ખેલાશે. માણસા નગરપાલિકાની એક બેઠક ખાલી પડી હોવાથી તેનો જંગ પણ ખેલાશે.



## જિલ્લામાં આજે ૭૦૯ વોરિયર્સનું વેક્સીનેશન થયુ

ગાંધીનગર જિલ્લામાં આજે એક જ દિવસમાં ૭૦૯ કોરોના વોરિયર્સનું વેક્સીનેશન થયુ છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૬૦૮ વોરિયર્સનું અને ગાંધીનગર સિવિલ ખાતે ૧૦૧ વોરિયર્સનું વેક્સીનેશન કરાયુ છે. ૧૬મી જાન્યુઆરીથી શરૂ થયેલા આ વેક્સીનેશનમાં આજે સૌથી વધુ વોરિયર્સનું વેક્સીનેશન થયુ છે. પ્રથમ દિવસે ૪૫૪ વોરિયર્સનું વેક્સીનેશન થયુ હતુ. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮ પ્રા.આ. કેન્દ્રો ખાતે વેક્સીનેશન યોજાયુ હતુ. જેમાં સુઘડ ખાતે ૯૯, સાંપા ખાતે ૮૧, વેડા ખાતે ૭૦, સઈજ ખાતે ૬૪, પ્રાંતિયા ખાતે ૮૯, બહિયલ ખાતે ૭૧, આજોલ ખાતે ૬૭, રાંચરડા ખાતે ૫૭ મળી ૬૦૮ વોરિયર્સનું વેક્સીનેશન થયુ હતુ. ગાંધીનગર સિવિલ ખાતે ૧૦૧ વોરિયર્સનું વેક્સીનેશન થયુ હતુ. જેમાં ૪૦ થી વધુ ખાનગી તબીબોનો પણ સમાવેશ થાય છે. શહેરના જાણીતા ફિઝીશ્યન ડૉ. પ્રશાંત ભટ્ટ, ડૉ. રાકેશ પટેલ સહિતના તબીબોનો સમાવેશ થાય છે.

## છેલ્લા ૬ માસથી નાસતા ફરતા આરોપીને એલસીબી-૨ એ પકડી પાડ્યો

ગાંધીનગર, તા.૨૩

સાંતેજ પોલીસ મથકના પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા ૬ માસથી નાસતા ફરતા આરોપીને ગાંધીનગર એલસીબી-૨ પોલીસે દબોચી લીધો હતો. એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો કાર્યરત હતા તે સમયે હેડ કોન્સ્ટેબલ જોગીન્દસિંહ અને કોન્સ્ટેબલ સુરેશકુમારને બાતમી મળી હતી. સાંતેજના પ્રોહીના ગુનામાં નાસતો ફરતો આરોપી સંજય ઉર્ફે જોની તલસાજી પરમાર (ઉં.૨૩, રહે. ૧-૧૫ સોનેરીયા બ્લોક, બાપુનગર) ને સેકટર-૨૪ શાકમાર્કેટ પાસેથી પોલીસે પકડી પાડ્યો હતો. પોલીસે રેકર્ડ પર તપાસ કરતા તે છ માસથી નાસતો ફરતો હતો. પોલીસે આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# ડ્રાઈવિંગ લાયન્સ રિન્યુ માટે હવે ઓનલાઈન બેકલોગ થશે

### વર્ષ ૨૦૧૦ પહેલાં ઇસ્યુ થયું હોય તો લાયસન્સ રિન્યુ કરાવવા કે ડુપ્લીકેટ માટે આરટીઓ સુધી નહીં જવું પડે

ગાંધીનગર, તા. ૨૩

ફરી એકવાર રાજયના વાહનચાલકો માટે મોટા સમાચાર મળી રહ્યા છે. જો તમારી પાસે જૂનું લાયસન્સ હોય તો આ સમાચાર ખુબ જ મહત્વપૂર્ણ છે. જો તમારૂ લાયસન્સ વર્ષ ૨૦૧૦ પહેલા ઈસ્યુ થયુંહશે અને તમારે તેને રિન્યુ કરાવવું હશે તો તમારે તેનું બેકલોગ કરાવવું પડશે. પહેલાં રિન્યુ કરાવતા પહેલા બેકલોગ કરાવવા માટે અરજદારો એ આરટીઓ સુધી ધક્કા ખાવા પડતા હતા. પરંતુ હવે તમામ પ્રક્રિયા ઓનલાઈન કરી દેવામા આવતા અરજદારોને રાહત થઈ છે.

અરજદારોને આસાની રહે તે માટે વાહન વ્યવહાર વિભાગ દ્વારા તમામ કામીગીરી ઓનલાઈન કરવામા આવી રહી છે, ત્યારે હવે બેકલોગની કામગીરી પણ ઓનલાઈન કરી દેવામાં આવી છે. અરજદારોનું લાયસન્સ જો ૨૦૧૦ પહેલા ઈસ્યુ થયુ હોય તેઓએ લાયસન્સ રિન્યુ કરાવવુ હોય અથવા તો ડુપ્લીકેટ કરાવવું હોય તો તે માટે અરજદારે બેકલોગ કરાવવા માટે આરટીઓ સુધી ધક્કા ખાવા પડતા હતા, કારણ કે આરટીઓ પાસે ૨૦૧૦ પહેલાનો ડેટા ઓનલાઈન ઉપલબ્ધ નથી. ત્યારે હવે તેઓ ઘરે બેઠા જ લાયસન્સનુ બેકલોગ કરી શકે છે.

અરજદારે બેકલોગની ઓનલાઈન પ્રક્રિયા શરૂ કરતા પહેલા જુના લાયસન્સની કોપી સ્કેન કરવી પડશે. જો તમારે ઓનલાઈન એપ્લીકેશન સબમીટ કરવી હોય તો પ્રથમ **Parivahan.gov.in** વેબસાઈટ ઓપન કરો. ત્યારબાદ ઓનલાઈન સર્વિસ સિલેક્ટ કરવું.

## જાહેર નિવિદા

કલેક્ટર કચેરી, ગાંધીનગર હસ્તકની જુદી જુદી શાખાઓ માટે ઝેરોક્ષની કામગીરી કરવા માટે રસ ધરાવતી વેપારી / એજન્સી / પેઢીઓ પાસેથી નીચેની વિગતે અરજીઓ મંગાવવામાં આવે છે.

૧. કોરા અરજીપત્રક શરતોની યાદી તથા ભાવપત્રક રૂ. ૫૦૦/-ની ફી 'ચેરમેનશ્રી ઈ-સેવા સોસાયટી, ગાંધીનગરના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ રજૂ કરીને કચેરીના કામકાજના દિવસો દરમિયાન તા. ૬/૨/૨૦૨૧ સુધીમાં એ.ડી.એમ.-૧ શાખા, કલેક્ટર કચેરી, ગાંધીનગર ખાતેથી મેળવી લેવાના રહેશે.

૨. ભાવપત્રકો અત્રેથી આપવામાં આવેલ નમૂનામાં ભરીને સીલબંધ કવર ઉપર લાલશાહીથી 'સને-૨૦૨૧ના વર્ષ માટે ઝેરોક્ષ માટેના ભાવપત્રકો' એ રીતે લખીને અત્રેની કચેરીને મોડામાં મોડા તા. ૨૦/૨/૨૦૨૧ સુધીમાં ૫:૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરી ખાતે મળી જાય તે રીતે જનસંપર્ક અધિકારીશ્રી, કલેક્ટર કચેરી, ગાંધીનગરના સરનામે આર.પી.એ.ડી.થી અથવા અત્રેની કલેક્ટર કચેરીની રજીસ્ટ્રી શાખામાં રૂબરૂમાં મોકલી આપવાના રહેશે.

૩. મળેલ અરજી પત્રકો કમિટીની હાજરીમાં તા. ૨૨/૨/૨૦૨૧ના રોજ ૧૫:૦૦ કલાકે ટેન્ડરરોની હાજરીમાં ખોલવામાં આવશે અને માન્ય રહેલ ટેન્ડરરો પૈકી સૌથી ન્યૂનતમ ભાવવાળા ટેન્ડરને કામગીરી સોંપવામાં આવશે.

| | | |
|---|---|---|
| તા. ૨૨/૧/૨૦૨૧ | રવાના કરવા પ્રમાણિત | સહી/- |
| સ્થળ : ગાંધીનગર | સહી/- | (ડો. કુલદીપ આર્ય) |
| માહિતી/૧૮૬૦/૨૦-૦૧ | જનસંપર્ક અધિકારી | કલેક્ટર, ગાંધીનગર |